દાખલ તારીખ :- ૦૯-૧૦-૨૦૧૮
રજીસ્ટર તારીખ :- ૦૯-૧૦-૨૦૧૮
ફેસલ તારીખ :- ૦૬-૦૩-૨૦૨૬
**સમય ગાળો:-** વર્ષ-માસ-દિવસ
૦૭- ૦૪ - ૨૮

# <u>મે.વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા-નડીયાદ</u>

**<u>રેગ્યુ.દિવાની મુકદમા નંબર :-૩૪/૨૦૧૮</u>**
**આંક :**

વાદીઓ :- (૧) **પ્રવિણભાઈ સુલેમાનભાઈ રાઠોડ,**
ઉ.વ. ૫૫, ધંધો. ખેતી,
(૨) **રમેશભાઈ પીતરભાઈ રાઠોડ,**
ઉ. વ. ૪૭, ધંધો. ખેતી,
(૩) **સેવકભાઈ સુલેમાનભાઈ રાઠોડ,**
ઉ. વ.૫૨, ધંધો મીલકામદાર,
તમામ રહે. ઠે. ખ્રિસ્તી ફળીયું,
મું..ઝારોલ, તા. વસો, જી.ખેડા.
(૪) **પ્રેમીલાબેન તે સુલેમાનભઈ રાઠોડની દીકરી,**
**અને રમેશભાઈ પરમારની પત્નિ,**
ઉ.વ. પુખ્ત, ધંધો.નોકરી,
રહે. જયદુર્ગા સોસાયટી, વરિયા પ્રજાપતિની વાડીપાસે,
મું. નડીઆદ, જીલ્લો.ખેડા.
(૫) **સુમીત્રાબેન તે સુલેમાનભાઈ રાઠોડની દીકરી,**
**અને કાંતીભાઈ પરમારની પત્નિ,**
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ,
રહે. એ/૨, કાર્મેલ સોસાયટી, પવનચકકી રોડ,
મું. નડીઆદ, તા. નડીઆદ,જીલ્લો.ખેડા

**વિરૂઘ્ઘ**

પ્રતિવાદીઓ:-(૧) **કિરીટભાઈ શંકરભાઈ પરમાર**
ઉ.વ. ૪૭ ધંધો. નોકરી

રહે. ખ્રિસ્તી ફળીયું, મુ. ઝારોલ,
**તા. વસો જી. ખેડા**

**<u>દાવો રૂા.૩૨,૦૦૦/– ના આંકથી જાથુનો મનાઈ હુકમ મેળવવાનો</u>**

---

વાદીઓ તરફે વિ. વકીલ શ્રી : ડી.બી.ઓથર
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : એસ.ટી.પટેલીયા

---

## –: ઠરાવ :–

(૧) આ કામે વાદીઓના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓની માલીકીની બાપદાદા વખતથી વારસાઈ હકકે પ્રાપ્ત થયેલી મીલકત મોજે ગામ ઝારોલ તા.વસો.જી.ખેડા મુકામે ખ્રિસ્તી ફળીયામાં આવેલી છે, જે મીલકત મૂળ રેવન્યુ સરવે નં. ૦ ગામતળ ૧ સરકારી પડતર જેનું કુલ ક્ષેત્રફળ ૦–૦૩–૮૦ જેના આકાર રૂા.૨–૦૦ જેનો ખાતા નં.૨૬૦ આવેલો છે. તે રેવન્યુ સર્વે નંબર વાળી મીલકત બાબતે '' નોંધલા ખાતાદાર થવાનો જે માણસનો ઈરાદો હોય તે માણસોએ કરી આપવાની કબલાયતનું લખાણ" મામલતદારશ્રી નડીઆદ સમક્ષ વાદીનાઓના વડવાએ કરેલ તે દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ મીલકત ૬૪ ચોરસ ફૂટ અને ૪૫૫ ચો.વારની જમીન દર વર્ષે રૂા.૨–૦૦ મહેસુલ ભરવાની શરતે વાદીનાઓના વડવા ગુજરનાર નારણભાઈ પીતાંબરભાઈ નાઓએ સને.૧૯૧૭ ના મે મહીનાની ૧ તારીખથી (એટલે કે તા.૦૧/૦૫/૧૯૧૭)થી આપેલ ત્યારથી વાદીનાઓના બાપદાદાના વખતથી માલીકીની આવેલી છે. આમ મજકુર મીલકત વાદીઓના ગુજરનાર વડવા નારણ પીતાંબરભાઈનાઓએ સરકારશ્રીમાં જે તે સમયે નાણાં ભરીને ખાતાદાર માલીક બનેલા હતા અને તે મીલકતમાં વાદીનાઓના બાપદાદાના વખતથી રહેઠાણના મકાન બનાવેલા હતા અને તેના ગ્રામ પંચાયત ઘર નંબર પણ પડી ગયેલા હતા, આ મીલકતના રાઈટસ ઓફ રેકર્ડમાં હાલ વાદીના નામો ચાલ્યા આવેલા છે અને વાદીઓ તેના કાયદેસરના માલીક, કબજેદાર, ભોગવટેદાર છે. મજકુર જમીન ઉપર વાદીના મકાનો અનુક્રમે આવેલા છે જેનો અનુક્રમે ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૫ વાદી નં.૨ નાઓનો આવેલા છે તથા ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૬ વાદી નં.૧ નાઓનો આવેલા છે. તથા ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૭ વાદી નં.૨ અને ગ્રામ પંચાયત ઘર નં.૧૯૮ વાદી નં.૩ નાઓનો આવેલો છે. જે તમામ મકાનોની સામે આવેલ પડતર જમીન પણ સંયુકત રીતે વાદીઓની માલીકીની આવેલી છે. જે રેવન્યુ સરવે નં.૦ ગામતળ ૧ માં

આવેલી મીલકત છે અને સમયાંતરે તેમાં ગ્રામ પંચાયત ઘર નંબર પણ પડેલા છે અને રહેઠાણના મકાનો આવેલા છે જેમાં હાલ વાદીઓ પોતાના પરીવાર સાથે રહે છે. જેના ખુંટવર્ણન નીચે પ્રમાણેના આવેલા છે.જેના વાદીઓ કાયદેસરના માલીક છે.

ઉત્તરે–રાજમારગ આવેલો છે.

દક્ષીણે–મણીભાઈ શંકરભાઈ રાઠોડનું ખેતર આવેલું છે.

પૂર્વ–ફળીયામા જવા આવવાનો મારંગ આવેલો છે.

પશ્ચીમ–રામાંપીરનું મંદીર આવેલું છે.

વાદીઓ વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદીનો ગ્રામ પંચાયત ઘર નં.૨૧૩ (જુનો નં. ૧૫૮)વાળી મીલકત કે જે મીલકત ખરેખર ગ્રામ પંચાયત ઘર નં. ૨૧૨ (જુનો નં. ૧૫૭) આવેલી હતી તે મકાન મીલકતના બે ભાગ પાડી દીધેલ અને નવો મકાન નં.૨૧૩ આપેલ અને તેમાં માતાજીનો મઢ આવેલો હતો અને ફળીયાના રહીશો તેનો ઉપયોગ ધાર્મિક હેતુ માટે કરતા હતા, પરંતુ સમયાંતરે ફળીયાના રહીશોએ ધર્મપરીવર્તન કરી ખ્રિસ્તી ધર્મ અપનાવતા તેનો ઉપયોગ બંધ થયેલ અને તે સમયે આ કામના પ્રતિવાદી તે મકાન મીલકતને અડીને આવેલા મકાન નં.૨૧૨ માં રહેતા હોય. તેમણે ગેરકાયદેસર રીતે મકાન નં.૨૧૩ નો કબજો જે તે સમયે પડાવી લીધેલ હતો. અને હાલ આ મકાન મીલકત પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ છે તે સિવાય પ્રતિવાદીની માલીકીની કોઈજ મકાન મીલકત ફળીયામાં આવેલી નથી. આ કામના પ્રતિવાદીએ તેમની સામે વસોના મહે. સીવીલ જજ સાહેબ સમક્ષ દાવો કરી વાદીનાઓની માલીકીની જમીન તેમની માલીકીની છે તેવી ખોટી હકીકતો જણાવી દાવો કરી વાદીનાઓની માલીકીની જમીન પચાવી પાડવાનું કાવતરું કરેલ હોય તથા ચાર દીવસ પહેલા અજાણ્યા ઈસમોને લઈ આવી વાદીનાઓની માલીકીની વાદીના મકાનોની સામે આવેલ પડતર જમીનમાં કબજો પડાવી લેવાની કોશીશ કરતા વાદી તથા વાદી પરીવારના સભ્યો ભેગા થઈ ગયેલા હતા અને તેથી અજાણ્યા માણસો ભાગી ગયેલા હતા, અને તેથી વાદીઓને ભય તથા બીક હોય કે આ કામના પ્રતિવાદી ગમે ત્યારે વાદીનાઓની ગેરહાજરીમાં આવી વાદીનાઓની માલીકીની પડતર જમીનનો કબજો પડાવી લે તેવી વકી હોય હાલનો દાવો કરી કામચલાઉ મનાઈ હુકમ માગવાનું રોજેરોજ નું કારણ નામદાર કોર્ટ ની હકૂમત ગામ વસો મુકામે ઉત્પન્ન થયેલ છે.

વધુમાં દાવાનુ કારણ આપતા જણાવે છે કે, સદર દાવો દાખલ કર્યાના ચાર દીવસ પહેલા અજાણ્યા ઈસમોને લઈ આવી વાદીની માલીકીની વાદીના મકાનોની

સામે આવેલ પડતર જમીનમાં કબજો પડાવી લેવાની કોશીશ કરતા વાદી તથા વાદીના પરીવારના સભ્યો ભેગા થઈ ગયેલા હતા અને તેથી અજાણ્યા માણસો ભાગી ગયેલા હતા, અને તેથી વાદીઓને ભય તથા બીક હોય કે આ કામના પ્રતિવાદી ગમે ત્યારે વાદીનાઓની ગેહાજરીમાં આવી વાદીની માલીકીની પડતર જમીનનો કબજો પડાવી લે તેવી વકી હોય હાલનો દાવો કરી કામચલાઉ મનાઈ હુકમ માગવાનું રોજેરોજ નું કારણ આપ નામદાર કોર્ટની હકૂમત ગામ વસો મુકામે ઉત્પન્ન થયેલ છે.

વધુમાં વાદી ધ્વારા દાદ માંગવામાં આવેલ છે કે, (અ) દાવાવાળી તકરારી મીલકત વાદીના કબજા ભોગવટામાં આવેલ છે તથા કાયદેસરનો કબજો વાદીનો છે તેવું નક્કી કરી વાદીના કબજામાં આ કામના પ્રતિવાદીના કોઈ દખલ અંતરાય, અવરોધ કરે કરાવે નહીં કે તેમ કરી દાવાવાળી મીલકતમાં વાદીઓના હાલના કબજા ભોગવટામાં કોઈ દખલ અંતરાય કરે કરાવે નહીં તેવો વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં જાથુનો મનાઈ હુકમ ફરમાવશોજી.(બ) આ કામના પ્રતિવાદીનાઓ જાતે અગર તેમના નોકર એજન્ટ એસાઈની મારફતે દાવાવાળી તકરારી મીલકત વાદીઓના કબજા ભોગવટામાં હેલો હરકત દખલ અંતરાય કરે કરાવે નહિ કે કબજો લે–લેવડાવે નહિ તેવો કાયમી મનાઈ હુકમ વાદીના લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ ફરમાવશોજી. (ક) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી ચુકવી આપે તેવો હુકમ કરવા મહે.કરશોજી.(ડ)વાદીની હકીકતો ધ્યાનમાં લઈ નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ અન્ય દાદ અપાવશોજી.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ વાદીની દાવા અરજીનો લેખિત જવાબ આંક–૧૫ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ હકીકતો ખરી નથી અને પ્રતિવાદીને કબુલ મંજુર નથી. તેમજ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમા જણાવેલ અન્ય હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીએ પોતાના સમગ્ર દાવામાં કઈ મિલકત અંગે દાવો કરેલ છે અને કઈ મિલકત તેમના કબજા ભોગવટામાં આવેલ છે તેવુ તેમની દાવા અરજીમાં કોઈ પણ જગ્યાએ દર્શાવેલ નથી. વાદીના કહેવા મુજબ સરકારી પડતર જમીન ૦–૦૩–૮૦ વાળી જમીનમાં તેઓની માલીકીની આવેલ છે તેમજ જણાવેલ છે અને સદર જમીનમાં તેઓએ તેઓના મકાન મિલકત નં. ૧૯૫, ૧૯૬ વાળું મકાન

બનાવેલ છે અને તે મકાનમાં તેઓ રહે છે અને તે મિલ્કતમાં પ્રતિવાદીનો કોઈ જ લાગભાગ હીસ્સો નથી પરંતુ વાદીએ જે ૨૧૩ વાળી ખુલ્લી જગ્યા તેઓની માલીકીની કહેતા હોય તે હકીકત ખોટી છે. કારણ કે ૨૧૩ વાળી મિલકત પ્રતિવાદીની વડીલોપાર્જીત મિલકત આવેલ છે. સદર મિલકતનો જુનો નં. ૨/૧૫૮ ત્યારબાદ તેનો નવો મિલકત નં. ૧૮૪ પડેલ અને હાલ તે મિલકતનો નવો નં. ૨૧૩ પડેલ છે અને સદર વાડાની મિલકત પાસે વાદીની બીજી પણ મિલકત આવેલ છે અને બંન્ને મિલકતો જોડાજોડ અડીને છે જયારે પ્રતિવાદીની ૧૯૫, ૧૯૬ વાળી મિલકતની આગળ રસ્તો હોય અને ત્યારબાદ સદર ૨૧૩ વાળી મિલકત આવેલ છે. જે મિલકત પ્રતિવાદીની વડીલોપાર્જીત કબજા ભોગવટાવાળી વર્ષોથી આવેલ છે અને જે અંગે પ્રતિવાદીએ નામ. કોર્ટમાં રે.મુ.નં. ૨૦/૨૦૧૮ થી દાવો દાખલ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદીએ હાલનો ખોટી હકીકતો જણાવી દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદીની વડીલો વખતથી વારસાઈ થી સદર મિલકતમાં ગ્રામ પંચાયતની આકારણી પત્રકમાં આવેલ છે અને હાલ પ્રતિવાદીનું નામ ચાલે છે અને સદર મિલ્કતનો વેરો પણ હાલ પ્રતિવાદી ભરે છે. દાવાવાળી મિલકત ૨૧૩ માં વાદીનો કોઈ હકક અધિકાર ન હોય તેમ છતાં ખોટી હકીકતો રજુ કરી વાદીએ દાવો તથા મનાઈ અરજ દાખલ કરેલ હોય ઉપરોકત હકીકત ધ્યાને લઈ વાદીનો દાવો તથા મનાઈ અરજ ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે.

આ કામે વાદી તરફે આંક-૧૯ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીનો જવાબ ખરો ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

આ કામે વાદી ધ્વારા આંક-૫ થી મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ જે મનાઈ અરજી અમારા પુરોગામી ન્યાયધીશશ્રી ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં.૨ રમેશભાઈ પીતાંબરભાઈ રાઠોડનું સરતપાસનું સોગંદનામું | ૩૭ |
| ૨ | વાદી તરફે સાહેદ શીવલાલ ગાંગાભાઈ મકવાણાનું સરતપાસનું સોગંદનામું | ૬૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બ્લોક/સર્વે નં.૦ ગામતળ ૧ ની ગામ નમુના નં.૭ ની અસલ નકલ | ૩૯ |
| ૨ | બ્લોક/સર્વે નં.૦ ગામતળ ૧ ની ગામ નમુના નં.૧૨ ની અસલ નકલ | ૪૦ |
| ૩ | બ્લોક/સર્વે નં.૦ ગામતળ ૧ ની ગામ નમુના નં.૮–અ ની અસલ નકલ | ૪૧ |
| ૪ | મામલતદાર સમક્ષ કબુલાયતનો અસલ નમુનો | ૪૨ |
| ૫ | કબુલાયતનામાનું અસલ ઉપરથી ટાઈપ કરેલ અસલ કાગળની નકલ | ૪૩ |
| ૬ | બ્લોક મકાન નં.૧૯૭ ની આકારણીની અસલ નકલ | ૪૪ |
| ૭ | બ્લોક મકાન નં.૧૯૮ ની આકારણીની અસલ નકલ | ૪૫ |
| ૮ | બ્લોક મકાન નં.૧૯૯ ની આકારણીની અસલ નકલ | ૪૬ |
| ૯ | બ્લોક મકાન નં.૧૯૯ ની આકારણીની અસલ નકલ | ૪૭ |
| ૧૦ | બ્લોક મકાન નં.૨૦૦ ની આકારણીની અસલ નકલ | ૪૮ |
| ૧૧ | પ્રવિણભાઈ સુલેમાન રાઠોડની સને ૨૦૨૨,૨૦૨૩ ની વેરા પાવતીની અસલ નકલ | ૪૯ |
| ૧૨ | સેવકભાઈ સુલેમાન રાઠોડની સને ૨૦૨૨,૨૦૨૩ ની વેરા પાવતીની અસલ નકલ | ૫૦ |
| ૧૩ | ગુ.સુલેમાનભાઈ નારણભાઈ રાઠોડ ના ઘર નં–૧૯૮ નો અસલ દસ્તાવેજની અસલ નકલ | ૫૧ |
| ૧૪ | કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામુ | ૫૩ |
| ૧૫ | કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ નકશો | ૫૪ |
| ૧૬ | મોજે. ઝારોલ, તા.નડીયાદ, જી.ખેડાની ગ્રામ પંચાયતની ચાર્જયાદી | ૭૫ |

ત્યાર બાદ આંક–૭૭ નીચે હુકમ મુજબ વાદીનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલછે.

(૪) ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## **મૌખિક પુરાવો**

| **ક્રમ** | **પ્રતિવાદી સાહેદનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી કિરીટભાઈ શંકરભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામું | ૮૨ |

ત્યાર બાદ આંક–૮૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે વાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ તથા પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ધ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અર્થે અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા **આંક–૨૫** થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | શું વાદી સાબિત કરે છે કે તેઓ ઝરોલ તા. વસો ગામે આવેલ ગ્રામ પંચાયતના જુના મીલકત નં. ૨/૧૫૮ તથા નવો મીલકત નંબર ૨૧૩ વાળુ મકાન તેઓની વડીલોપાર્જીત મીલકત છે ? |
| **મુદ્દા નંબર–૨** | શું વાદી સાબિત કરે છે કે, સદરહુ મીલકતમાં આકામના પ્રતિવાદીઓનો કોઈ હકક હિસ્સો આવેલો નથી? |
| **મુદ્દા નંબર–૩** | શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળી જમીનના તેઓ કાયદેસરના માલીક અને કબજેદાર છે ? |
| **મુદ્દા નંબર–૪** | શું વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે ? |
| **મુદ્દા નંબર–૫** | શું વાદીના દાવાને અન્ય કોઈ કાયદાનો બાધ નડે છે ? |
| **મુદ્દા નંબર–૬** | શું વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ? |
| **મુદ્દા નંબર–૭** | શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| **મુદ્દા નંબર–૮** | શું હુકમ અને હુકમનામું? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૫** | **નકારમાં** |

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૬** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૭** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૮** | **આખરી હુકમ મુજબ** |

**: કારણો :**

**મુદ્દા નં. ૧ થી ૮ –**

(૮) હાલનો દાવો પ્રતિવાદીઓએ અજાણ્યા ઈસમો લઈ જઈ વાદીની માલીકીની વાદીના મકાનની સામે આવેલ પડતર જમીનનો કબજો પડાવી લેવાની કોશીષ કરતા અને વાદીની ગેરહાજરીમાં ગમે ત્યારે તેમની માલીકીની પડતર જમીનનો કબજો પડાવી લેવાની કોશીષ કરે તેમ હોય દાવાવાળી જમીનનો કાયદેસરની માલીકી અને કબજો ભોગવટો વાદીનો છે તેવુ ઠરાવી આ જમીનના વાદીના કબજા ભોગવટામાં પ્રતિવાદી ધ્વારા કોઈ દખલ, અંતરાય, અવરોધ કરે કરાવે નહી કે વાદીનો કબજો છીનવે નહી તે મુજબનો કાયમી મનાઈ હુકમ મેળવવા વાદી ધ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે.

(૯) હાલના કામે આંક–૧૫ થી પ્રતિવાદી તરફે દાવાનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ વાદીની દાવા અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, સમગ્ર દાવામાં વાદીએ કઈ મિલકત અંગે દાવો કરેલ છે અને આ મિલકત કઈ રીતે તેના કબજા ભોગવટામાં આવેલ છે તેની વિગત જણાવેલ નથી. વાદીએ સરકારી પડતર જમીન ૦–૦૩–૮૦ વાળી પોતાની માલીકીની આવેલી છે તેમ જણાવેલ છે અને સદર જમીનમાં તેઓએ તેમના મકાન નં.૧૯૫ તથા ૧૯૬ બનાવેલ છે અને તે મકાનમાં તેઓ રહે છે, તે મિલકતમાં પ્રતિવાદીઓનો કોઈ લાગ ભાગ હીસ્સો નથી. પંરતુ નં. ૨૧૩ વાળી ખુલ્લી જગ્યા તેઓની માલીકીની કહેતા હોય તો તે વાત ખોટી છે. પ્રતિવાદી મુજબ મિલકત નં. ૨૧૩ મિલકત તેમની વડીલો પાર્જીત મીલકત આવેલી છે. જે મિલકતનો જુનો નં.૨/૧ ૫૮ અને ત્યારબાદ મિલકત નં. ૧૮૪ પડેલો અને ત્યારબાદ મિલકત નંબર ૨૧૩ પડેલ

છે. સદર વાડાની મિલકત પાસે વાદીની બીજી મિલકત પણ આવેલ છે. પ્રતિવાદી વડીલો પાર્જીત કબજા ભોગવાટાવાળી મિલકત નં.૨૧૩ ધરાવતા હોય અને તેમાં વાદીનો કોઈ હકક, અધિકાર  ન હોય તેઓએ હાલનો ખોટો દાવો કરેલ હોય જે ખર્ચ સહીત નામંજુર કરવા વિનંતી કરેલ છે. ત્યાર બાદ આંક-૧૯ થી વાદી તરફે તેમનુ કાઉન્ટર સોગંદનામુ રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીના દાવા જવાબનો ઈન્કાર કરેલ છે. તેમજ પોતાની દાવા અરજીની વિગતોનુ પુનરાવર્તન કરેલ છે.

(૧૦) ત્યાર બાદ હાલના દાવાના ન્યાય નિર્ણય અર્થે મારા પુરોગામી સાહેબશ્રીએ મુદ્દા ઉપસ્થિત કરેલ છે. જેમાં મુદ્દા નં. ૧ થી ૩ ની સાબીતીનો બોજો  વાદીના શીરે છે. જે  અંગે આંક-૩૬ વાળુ દસ્તાવેજી  પુરાવા લીસ્ટ સાથે આંક-૩૯ થી ૫૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે જે વંચાણે લીધા. જયારે વાદીએ આંક-૩૭ થી પોતાની સોગંદ ઉપરની સરતપાસ રજુ રાખેલ છે. તેમાં તેઓએ  પોતાની દાવા અરજીની સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેમની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ સ્વીકારે છે કે મિલકત નં.૨૧૩ પ્રતિવાદીની માલીકીની છે., આ મિલકત પ્રતિવાદીની વડીલો પાર્જીત મિલકત છે,  વાદીની મિલકતનો નં.૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮ છે, હાલનો દાવો તેઓએ આ ચાર મિલકત નંબર વાળી મિલકત માટે કરેલો છે., તેમની મિલકતને અડીને બે માર્ગ આવેલા છે, પ્રતિવાદીની મિલકત રસ્તો મુકીને આવેલ છે, મિલકત નં. ૨૧૩ માં તેઓનો કોઈ હકક, અધિકાર નથી., હાલનો દાવો તેઓએ મિલકત નં. ૨૧૩ અંગે કરેલ નથી. આમ હાલના વાદીની ઉલટ તપાસ ઉપરથી ફલીત થાય છે કે હાલનો દાવો તેઓએ મિલકત નં.૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮  માટે કરેલ છે. મિલકત નં. ૨૧૩ માટે હાલનો દાવો લાવેલ નથી. તેમજ મિલકત નં. ૨૧૩ પ્રતિવાદીની વડીલો પાર્જીત મિલકત હોવાનુ તેઓ જણાવે છે. ત્યારબાદ આંક-૬૬ થી વાદીના સાહેદ શીવલાલ ગાંગાભાઈ મકવાણાનું સરતપાસનુ સોગંદનામુ રજુ છે. જેમાં તેઓ વાદીની દાવા અરજીની સમર્થન

કરતી વિગતો જણાવે છે. તેઓની વિગતવારની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જેમા તેઓ જણાવે છે કે મે દાવાવાળી મિલકત જોયેલ છે મને મિલકતના સર્વે નંબર ખબર નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે પ્રતિવાદીની મિલકત તેમના બાપ દાદાની મિલકત છે. ત્યાર બાદ વાદી તરફે આંક–૭૩ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૭૫ વાળો દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે. જે વંચાણે લીધા. ત્યારબાદ વાદી તરફે વધુ પુરાવા માટે કામ રાખવામાં આવેલ પરંતુ વાદી તરફે કોઈ વધુ પુરાવો રજુ કરવામાં ન આવતાં આંક–૭૭ વાળી અરજી હેઠળ હુકમ કરી વાદીનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૮૨ થી પ્રતિવાદી કિરીટભાઈ શંકરભાઈ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ રજુ રાખવામાં આવેલ છે. જેમા તેઓ પોતાના દાવા જવાબની વિગતોનુ સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. વાદી તરફે પ્રતિવાદીની ઉલટ તપાસ કરવાની યોગ્ય પુરતી તક આપવા છતાં વાદી તરફે પ્રતિવાદીની ઉલટ તપાસ કરવામાં ન આવતા આંક–૮૪ વાળી અરજી હેઠળ હુકમ કરી વાદી તરફે પ્રતિવાદીની ઉલટ તપાસ કરવાનો હકક આથી બંધ કરવામાં આવેલ છે. આંક–૮૫ થી પ્રતિવાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. બંન્ને પક્ષોની વિગતવારની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે પુરાવો ધ્યાને લેતા મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયતના નવા મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળી મિલકત વાદીની માલીકી તથા કબજે ભોગવટે આવેલ હોવાનું જણાય આવે છે. જયારે નવો મિલકત નં. ૨૧૩ વાળી મિલકત પૈકી બાંધકામ કરેલુ મકાન પ્રતિવાદીના કબજે ભોગવટે આવેલ હોવાનુ જણાય આવે છે. આમ મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ ની આગળ આવેલી ખુલ્લી જગ્યા સહીતનો વાદીના માલીકી કબજે ભોગવટે આવેલ હોવાનુ જણાય આવે છે. જયારે નવો મિલકત નં.૨૧૩ વાળુ મકાન પ્રતિવાદીના કબજે ભોગવટે આવેલ હોવાનુ જણાય આવે છે. આમ હાલના કામે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

(૧૧) મુદ્દા નં. ૨ પરત્વે નોંધવાનુ કે વાદીએ સાબીત કરવાનુ છે કે દાવાવાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીનો કોઈ હકક હીસ્સો આવેલો નથી. જે અંગે રજુ પુરાવો તથા વાદી પ્રતિવાદીની સરતપાસ તથા વિગતવારની ઉલટ તપાસ વંચાણે લેતા પ્રતિવાદી જાતે સ્વીકારે છે કે મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ મા તેઓનો કોઈ હકક, અધિકાર આવેલ નથી. તેઓ મિલકત નં. ૨૧૩ માં આવેલ બાંધકામવાળુ મકાનનો કબજો ભોગવટો ધારણ કરે છે. આમ હાલના કામે મોજે ઝારોલ તા.વસો ગામે આવેલ નવો મિલકત નં. ૨૧૩ વાળી જગ્યામાં આવેલ બાંધકામ કરેલુ મકાન સિવાયની નવો મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ મા આવેલ પાકા મકાનો તથા પડતર જમીન છે. આમ આ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓ કોઈ હકક, હીત, હીસ્સો આવેલ ન હોવાનુ રેકર્ડ ઉપરથી ફલીત થતુ હોય. **મુદ્દા નં. ૨** નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

(૧૨) મુદ્દા નં. ૩ પરત્વે નોંધવાનુ કે તેમા વાદીએ સાબીત કરવાનુ છે કે દાવાવાળી જમીનના તેઓ કાયદેસરના માલીક અને કબજેદાર છે. ઉપર મુદ્દા નં. ૨ માં ચર્ચા કરી તે મુજબ હાલના કામે દાવાવાળી જમીન એટલે કે મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત નવો મિલકત નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯ ૮ વાળા પાકા મકાનો તથા તેની આસપાસ આવેલ પડતર જમીનો સહિતની મિલકત. આ મિલકત રજુ પુરાવો ઘ્યાને લેતા વાદીની માલીકી અને કબજે ભોગવટે આવેલ હોવાનુ સાબીત થાય છે. ખુદ પ્રતિવાદી પોતાના દાવા જવાબમાં પણ આ બાબતનો સ્વીકાર કરે છે જે ઘ્યાને લેતા **મુદ્દા નં. ૩** નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

(૧૩) મુદ્દા નં. ૪,૫ તથા ૬ પરત્વે નોંધવાનું કે હાલનો દાવો કોઈ મિલકતમાં ભાગ માંગવાનો કે મિલકતના પાર્ટીશન કરવા અંગેનો નથી. પરંતુ મિલકતનો કબજો ભોગવટો વપરાશનો હકક નકકી કરવા અંગેનો છે. જેથી જે કોઈ પક્ષકારોની એકબીજા સાથે તકરાર થયેલ છે તેમના દ્વારા હાલનો દાવો લાવવામાં આવેલ છે. જેથી

દાવાને પક્ષકારોની ખામીનો બાદ નડે છે તેવુ માની શકાય નહી. પ્રતિવાદી તરફે પણ વાદીના દાવાને અન્ય કોઈ કાયદાનો કે સમય મર્યાદાનો બાદ નડતો હોય તેવો કોઈ બચાવ રજુ રાખવામાં આવેલ નથી. આમ વાદીના દાવાને પક્ષકારોની ખામીનો, અન્ય કોઈ કાયદાનો કે સમય મર્યાદાનો બાધ નડતો હોય તેનુ રેકર્ડ ઉપરથી સાબિત થતુ નથી. જેથી હાલના કામ ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં. ૪,૫ તથા ૬** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે.

(૧૪) મુદ્દા નં. ૭ પરત્વે નોંધવાનુ કે, વાદીએ પોતાની દાવા અરજીના પેરા–૫ માં તેવી દાદ માંગેલ છે કે, દાવાવાળી તકરારી મિલકત તેમના કબજા ભોગવટામાં આવેલી છે અને તેમનો કબજો કાયદેસરનો છે, તેવુ ઠરાવી પ્રતિવાદી સામે કાયમી મનાઈ હુકમ મેળવવા તેઓએ વિનંતી કરેલ છે. ઉપર મુદ્દા નં. ૧ થી ૩ માં ચર્ચા કરી તે મુજબ હાલના કામે દાવાવાળી મિલકત એટલે મોજે ઝારોલ તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળી મિલકતો જેમા પાકા મકાનો તથા આજુબાજુની પડતર જમીનનો પણ સમાવેશ થાય છે. વાદી જાતે પોતાની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે તેઓએ હાલનો દાવો આ ચાર મિલકત નંબર વાળી મિલકત અંગે લાવેલ છે. મિલકત નં. ૨૧૩ અંગે તેઓએ હાલનો દાવો લાવેલ નથી. જે ધ્યાને લેતાં મોજે ઝારોલ તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાયત ઘર નં. ૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળી મિલકતો જેમા પાકા મકાનો તથા આજુબાજુની પડતર જમીન વાદીના કબજે ભોગવટે આવેલ હોવાનુ પ્રતિવાદી પણ સ્વીકારે છે. જેથી આ મિલકત વાદીના કબજે ભોગવટે આવેલ હોવાનુ ઠરાવી તેમા પ્રતિવાદી ધ્વારા કોઈ દખલ અંતરાય, અવરોધ કરવા કરાવવા સામે કે વાદીની મિલકતનો કબજો છીનવી લેવા સામે પ્રતિવાદી સામે કાયમી મનાઈ હુકમ આપવો યોગ્ય જણાઈ છે. આમ વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનુ જણાય આવતુ હોય. **મુદ્દા નં. ૭** નો જવાબ ''**હકારમાં**'' આપી **મુદ્દા નં. ૮** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયના હીતમાં ઉચિત જણાય છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આથી વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) હાલનાં દાવાવાળી મિલકત એટલે કે મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાતય ઘર નં.૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળા પાકા મકાન તથા આસપાસની પડતર જમીન સહીત મિલકત વાદીના કબજે ભોગવટે હોવાનુ આથી ઠરાવવામાં આવે છે.

(૩) દાવાવાળી મિલકત મોજે ઝારોલ, તા.વસો ગામે આવેલ ગ્રામ પંચાતય ઘર નં.૧૯૫, ૧૯૬, ૧૯૭ તથા ૧૯૮ વાળા પાકા મકાન તથા આસપાસની પડતર જમીનનો વાપર ઉપયોગ કરતાં પ્રતિવાદીઓએ જાતે કે તેમના નોકર, એજન્ટ,એસાઈનીઓ મારફતે કોઈ પણ પ્રકારનો હરકત, હેલો, અંતરાય કરવો કરવવો નહી કે દાવાવાળી મિલકતની કોઈ પણ પ્રકારે કબજો લેવો લેવડાવવો નહી તે મુજબનો પ્રતિવાદી સામે અને વાદીની તરફેણમાં આથી કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) દાવાનો ખર્ચ પોત પોતાનુ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ ૦૬ ઠ્ઠી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વસો
તા.૦૬– ૦૩–૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
મુખ્ય સીવીલ જજ, વસો
(કોડ નં.જી.જે.૦૧૪૨૫ )